"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૯-૨૦૨૦/૧૯ તા.૨૨-૦૮-૨૦૧૯

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રીમતી સોનલબેન મિશ્રા**
**વાહનવ્યવહાર કમિશ્નરશ્રી (ઈન્ચાર્જ),**
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**વિષય : વ્યાપારીક વાહનોને આર.ટી.ઓ. કચેરીમાં કામકાજ અંગેના પ્રશ્નો અંગેની રજુઆતો અર્થે**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે અમારી સંસ્થા દ્વારા આપણાં ગુજરાત રાજયના વાહન માલિકો દ્વારા કરેલી રજુઆતો અમોએ પત્ર ક્રમાંક રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૯-૨૦/૧૯ તા. ૧૭-૦૭-૧૯થી આપશ્રીને પાઠવેલ અને તે બાબતે આપની સાથે થયેલ બેઠકમાં ઘણાં બધા મુદ્દાઓનું તાત્કાલીક ધોરણે અમલ થયેલ અને તે બદલ અમો આપશ્રીના આભારી છીએ.

સાથે સાથે કરેલ રજુઆતો બાદ નીચેના મુદ્દાઓનું હજુ નિરાકરણ બાકી હોઈ જે અંગે અમો નીચે મુજબની રજુઆત કરીએ છીએ.

૧. આપને વિદીત થાય કે આર.ટી.ઓ. અમલદાર દ્વારા રોડ ચેકીંગમાં જે કોઈ ગાડીમાં કોઈ ત્રુટી અંગે ગાડી ડિટેઈન કરવામાં આવે તો આપેલ મેમાની દંડકીય વસુલાત વગર ગાડીઓ છોડવામાં આવતી નથી પણ કોઈપણ કલેરીકલ ક્ષતિને લીધે આપણા વિભાગનું કોમ્પ્યુટરાઈઝેશન થયા બાદ ભુલથી ચઢેલ આવા કેસોને હિસાબે પાસીંગ દરમ્યાન ગાડીને બ્લેકલીસ્ટમાં બતાવવામાં આવે છે અને ફરીવાર તેનો દંડ ભર્યા વગર આર.ટી.ઓ.ની કોઈપણ કાર્યવાહી થતી નથી.

૨. આવી જ રીતે પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન અંગેના કરેલ જૂના કેસો લાંબા સમયે કોમ્પ્યુટરમાં ચઢતા ગાડી માલીકની જાણ બહારના કેસો તેમજ વેચાઈ ગયેલી ગાડીઓના અગાઉના માલીકોના કેસો વગેરેથી પણ આર.ટી.ઓ.ની કાર્યવાહી અટકી જાય છે.

૩. અગાઉ જણાવેલ રજુઆતોમાં નવી ખુલેલ આર.ટી.ઓ.માં તે વિસ્તારની ગાડીઓ જે અગાઉ આજુબાજુની આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન તેમજ પાસીંગ અર્થે જતી હતી તેવા વાહનો તેમના વિસ્તારમાં ખુલેલ નવી આર.ટી.ઓ. કચેરીમાં કાર્યવાહી કરવા જતા રેકોર્ડ ટ્રાન્સફરના નામે રૂા.૯૫૦/- ભરવા પડે છે. જેને એડ્રેસ ચેન્જ કહેવામાં આવે છે, પણ ખરેખર કોઈ એડ્રેસ ચેન્જ થતું નથી. આપણા આ વિભાગના કોમ્પ્યુટરાઝેશન થઈ ગયા બાદ બધી વિગતો જે-તે કચેરીમાં ઉપલબ્ધ હોવા છતાં આવી જરૂરીયાત ના હોવી જોઈએ.

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



ઉપરોક્ત બાબતે અમારી નમ્ર રજુઆત એવી છે કે જે વાહન માલીકોએ એક વખત દંડ ભરી દીધેલ હોય અને તેની ભરેલ રકમની પાવતી રજુ કરે તો તેમને બ્લેક લીસ્ટમાંથી રદ કરવા જોઈએ અને ઘણાબધા કેસમાં બહું જુના (૧૯૯૩ થી લઈ ૨૦૧૬ સુધીના) કેસ હોય જેની પાવતી વાહન માલીક રજુ ન કરી શકે તેમ હોય તો તે અંગે કોઈ ટોકન માંડવાળ ફી નક્કી કરી નિકાલ કરવો જોઈએ જેથી આપણા વિભાગના રેકોર્ડની ચોખ્ખાઈ થાય અને વાહન માલીકોને પડતી અવ્યવહારીક તકલીફ માંથી મુક્તિ મળે.

આ સાથે ધ્યાનમાં આવેલ અમુક કિસ્સાઓના દાખલા/પાવતી/વિગતો સાથે બીડેલ છે.

આ સાથે આપને નમ્ર વિનંતી છે કે ઉપરોક્ત બાબતની રજુઆત તેમજ રૂબરૂ ચર્ચા માટે અનુકુળ સમય આપવા વિનંતી.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

H N Bhagdev

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)

સામેલ : ઉપર મુજબ